# સાંકળચંદ પટેલ યુનિવર્સિટી ખાતે "મુખ્ય શિક્ષણ કૌશલ્ય" પર પાંચ દિવસીય ફેકલ્ટી ડેવલપમેન્ટ કાર્યક્રમનું આયોજન



કમલમ્,
વિસનગર સ્થિત સાંકળચંદ પટેલ યુનિવર્સિટીખાતે ૨૧ થી ૨૫ જુલાઈ ૨૦૨૫દરમિયાન "મુખ્ય શિક્ષણ કૌશલ્ય"પરપાંચ દિવસીય ફેકલ્ટી ડેવલપમેન્ટ પ્રોગ્રામ આયોજિતકરવામાં આવેલછે. આ કાર્યક્રમ સાંકળચંદ પટેલ યુનિવર્સિટી નાઈન્ટરનલ ક્વોલિટી એશ્યોરન્સસેલ (IQAC) દ્વારા નેશનલઈન્સ્ટિટ્યૂટ ઓફ ટેકનિકલ ટીચર્સ ટ્રેનિંગ એન્ડ રિસર્ચ (NITTTR), ભોપાલના સહયોગથી આયોજિત કરવામાં આવી રહ્યો છે. NITTTR, ભોપાલના પ્રખ્યાત નિષ્ણાતો અને સંસાધન વ્યક્તિ ડૉ. એમ. એ. રિઝવીઅને ડૉ. નિશીથ દુબે, દ્વારા આ વિશેષ કાર્યક્રમ સંચાલિત છે. ગુણવત્તાયુકત શિક્ષણ પ્રથાઓને પ્રોત્સાહન આપવામાં અમૂલ્ય યોગદાન બદલ નિષ્ણાતોને યુનિવર્સિટિના મહાનુભવડૉ. ચેતન ચૌધરી, ડિરેક્ટર (IQAC વિભાગ) અને ડૉ. એચ. એન. શાહ, ડિરેક્ટર (ટેકનિકલ વિભાગ ) દ્વારા નિષ્ણાતો ને સન્માનીત કરવામાં આવ્યા હતા. ફેકલ્ટી ડેવલપમેન્ટ પ્રોગ્રામ વ્યાખ્યાનો, ચર્ચાઓ, વ્યકિતગત અને જૂથ સોંપણીઓ, પીઅર એડિટિંગ, પ્રશ્નો/પ્રશ્નપત્રોનુ મધ્યસ્થી, પ્રશ્ન અને જવાબ સત્રો અને સહભાગી પ્રસ્તુતિઓ સહિતની ઈન્ટરેક્ટિવ પ્રવૃત્તિઓનું મિશ્રણ છે. ફેકલ્ટી ડેવલપમેન્ટ પ્રોગ્રામ નો મુખ્ય ઉદ્દેશ્ય ફેકલ્ટી સભ્યોને મુખ્ય શિક્ષણશાસ્ત્રના માળખામાં અદ્યતન જ્ઞાન અને વ્યવહારુ આંતરદષ્ટિથી શિક્ષણ પ્રક્રિયાને સજ્જ બનાવવાનો છે. આ કાર્યક્રમ બ્લૂમ્સ ટેકસોનોમી, ડેવ્સ અને ક્રાથવોહલ્સ ટેકસોનોમી, આઉટકમ-બેઝ્ડ એજ્યુકેશન (OBE), કોર્સ-લેવલ આઉટકમ્સ (CLOs), કલાસરૂમ કોમ્યુનિકેશન અને પ્રેઝન્ટેશન સ્કીલ્સ, આઉટકમ-બેઝ્ડ ટીચિંગ-લર્નિંગ એપ્રોચ, બ્લેન્ડેડ એન્ડ ફ્લિપ્ડ લર્નિંગ, ઓપન એજ્યુકેશનલ રિસોર્સિસ (OER), અને ICTટૂલ્સજેવા મહત્વપૂર્ણ વિષયોને આવરી લે છે.કાર્યક્રમના સહભાગીઓ રાષ્ટ્રીય શિક્ષણ નીતિ (NEP) 2020 અનેટેકનિકલ શિક્ષણ અને તેના મહત્વ વિષે જાગૃતિ મેળવશે. સાથે સાથે ટેકનિકલ શિક્ષકોની ઉભરતી ભૂમિકાઓ અને જવાબદારીઓ, વ્યાવસાયિક નીતિશાસ્ત્રઅને શિક્ષણનાક્ષેત્રો પર અન્ય કાર્યક્રમ પણયોજાશે.આ પહેલ દ્વારા,સાંકળચંદ પટેલ યુનિવર્સિટિનો ઉદ્દેશ્ય તેના ફેકલ્ટીને આધુનિક શિક્ષણ પદ્ધતિઓથી સશકત બનાવવાનો છે, જે આખરે વિદ્યાર્થીઓ માટે શૈક્ષણિક અનુભવને સમૃદ્ધ બનાવે છે અને શૈક્ષણિક શ્રેષ્ઠતાની સંસ્કૃતિને પ્રોત્સાહનઆપે છે.

# ઈંગોલી પ્રાથમિક શાળામાં 'બેગલેસ ડે' અંતર્ગત ફાયર મોકડ્રીલનું આયોજન કરવામાં આવ્યું

**વિવિધ પ્રવૃત્તિઓ દ્વારા વિદ્યાર્થીઓ અને શિક્ષકોને આગની આકસ્મિક પરિસ્થિતિમાં કેવી રીતે વર્તવું એ અંગે માહિતગાર કરવામાં આવ્યા**



કમલમ્,
ધોળકા તાલુકાની ઈંગોલી પ્રાથમિક શાળામાં 'બેગલેસ ડે' અંતર્ગત ફાયર મોકડ્રીલનું સફળતાપૂર્વક આયોજન કરવામાં આવ્યુંહતું. વિદ્યાર્થીઓ અને શિક્ષકોને આગ જેવીઆકસ્મિક પરિસ્થિતિમાં સલામતરહેવા અને યોગ્ય પ્રતિભાવઆપવા માટેજાગૃત કરવાનોઆ મોકડ્રીલનો મુખ્ય ઉદ્દેશ્ય હતો. શાળામાં ફાયરમોકડ્રીલ દરમિયાન નીચે મુજબની વિવિધ પ્રવૃત્તિઓ દ્વારા વિદ્યાર્થીઓ અને શિક્ષકોને આગની આકસ્મિક પરિસ્થિતિમાં કેવી રીતે વર્તવું એ અંગેમાહિતગાર કરવામાં આવ્યા હતા.

- આગની ઘટનાનું અનુકરણ: શાળાના એક ભાગમાં આગ લાગી હોવાનું દ્રશ્ય ઉભું કરવામાં આવ્યું, જેથી વાસ્તવિક પરિસ્થિતિનો અનુભવથઈ શકે.
- તાત્કાલિક ખાલી કરાવવું: આગની સૂચના મળતા જ વિદ્યાર્થીઓ અને શિક્ષકોને સુરક્ષિત રીતે વર્ગખંડોમાંથી બહારકાઢવાની પ્રક્રિયાનું નિદર્શન કરવામાં આવ્યું. વિદ્યાર્થીઓને ઈમરજન્સીએક્ઝિટ રૂટ અને સુરક્ષિત ભેગાથવાના સ્થળવિશે માર્ગદર્શન આપવામાં આવ્યું.
- અગ્નિશામક યંત્રનો ઉપયોગ: શાળામાં લગાવેલ અગ્નિશામક યંત્રોનો ઉપયોગ કેવી રીતેકરવોતેનુંજીવંત નિદર્શન કરવામાં આવ્યું. શાળાના શિક્ષકો, મધ્યાહન ભોજન કર્મચારીઓને તેની તાલીમ પણ આપવામાં આવી.
- પ્રાથમિક સારવાર : ઈમરજન્સીની સ્થિતિમાં ઘાયલ વ્યક્તિઓને પ્રાથમિક સારવાર કેવી રીતેઆપવી તેવિશે પણ માહિતી આપવામાં આવી હતી.

અત્રે ઉલ્લેખનીય છે કે આ પ્રકારના આયોજનોથી વિદ્યાર્થીઓમાં આત્મવિશ્વાસ વધેછે અને તેઓ ભવિષ્યમાં કોઈપણ આપત્તિનો સામનો કરવા માટે વધુ સજ્જ બને છે.

# પ્રતિભાશાળી અને સંસ્કારી યુવાનો દેશનું ભવિષ્ય ઉજ્જવળ બનાવે છે: રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજી

**રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીની શુભેચ્છા મુલાકાતે યુવા મોટીવેશનલ સ્પીકર ભાવિકા મહેશ્વરી**



કમલમ્,
આંતરરાષ્ટ્રીય પ્રેરક વક્તા, કથાકાર, લેખિકા, ટેડ-એક્સ સ્પીકર,ઉદ્યોગ સાહસિકઅને ચાર વર્લ્ડ રેકોર્ડ ધારક ભાવિકા મહેશ્વરીએ આજે રાજભવન ખાતે રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીની શુભેચ્છા મુલાકાત લીધીહતી. કુ. ભાવિકામહેશ્વરીએ રાજ્યપાલ મહોદયને પોતાના વિવિધ કાર્યો અને ઉપલબ્ધિઓની જાણકારી આપી હતી. ભાવિકા ભારત ઉપરાંત અનેક દેશોમાં રામાયણ, સનાતન સંસ્કૃતિ, મોબાઈલ સ્ક્રીન એડીક્શન જેવા વિષય ઉપર યુવાનોને પ્રેરિત કરી ચૂકી છે. રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ ભાવિકાએ ખૂબ નાની ઉંમરમાં મેળવેલ અસાધારણ સિદ્ધિઓની પ્રશંસા કરતાં કહ્યું કે, આવા પ્રતિભાશાળી અને સંસ્કારી યુવાનો દેશનું ભવિષ્ય ઉજ્જવળ બનાવેછે. તેમણે ભાવિકાને સેવાના માર્ગ પર આગળ વધવાની શુભેચ્છાઓ પાઠવીહતી. સુરતની સોળ વર્ષીય ભાવિકા મહેશ્વરીએ માત્ર ૧૧ વર્ષની ઉંમરમાં રામકથાના માધ્યમથી ૫૨ લાખ રૂપિયાનું ભંડોળ એકત્ર કરી અયોધ્યાશ્રી રામમંદિરને સમર્પિત કર્યું હતું. આ ઉપરાંત કોરોનાના સમયગાળા દરમિયાન તેણીએ જેલ અનેઆઈસોલેસન સેન્ટરોમાં કથાવાચન કરીનેલોકોને માનસિક અને આધ્યાત્મિક શક્તિ પણ પૂરી પાડી હતી. ભાવિકા મહેશ્વરી દ્વારા લખાયેલા પુસ્તકોમાં દેશના રાષ્ટ્રપતિ શ્રીમતી દ્રોપદીમુર્મુ પરનું 'સંઘર્ષસેશિખર તક', તેમજ 'આજ કે બચ્ચે કલ કેભવિષ્ય', 'રિલેવન્સ ઓફ શ્રીરામ', અને 'સ્ક્રીન ટાઈમ ટુ ડ્રીમ ટાઈમ' નો સમાવેશ થાય છે.

# રાષ્ટ્રીય રક્ષા યુનિવર્સિટી અને અદાણી ફાઉન્ડેશન સુરક્ષા બળ પ્રશિક્ષણ કાર્યક્રમ દ્વારા રાષ્ટ્ર નિર્માણ માટે ભાગીદારી કરશે



કમલમ્,
રાષ્ટ્રીય રક્ષા યુનિવર્સિટી (RRU) અનેઅદાણી ફાઉન્ડેશને સમગ્રભારતના વંચિતયુવાનો માટે કૌશલ્ય-આધારિત તાલીમ પહેલને પ્રોત્સાહન આપવાના ઉદ્દેશ્યથી વ્યૂહાત્મક ભાગીદારીની જાહેરાત કરી છે. ૨૧ જુલાઈ, ૨૦૨૫ના રોજ હસ્તાક્ષર કરાયેલાએમઓયુ (MOU) દ્વારા મજબૂતબનેલ આ સહયોગ, વ્યાપક અને વિશ્વસનીય તાલીમઅનુભવોપ્રદાનકરવાતરફ એક મહત્વપૂર્ણપગલું છે. RRU દ્વારા આયોજિત સુરક્ષા બળ પ્રશિક્ષણ કાર્યક્રમ, આ પહેલનો મુખ્ય ઘટક હશે, જે ખાસ કરીને અદાણી ફાઉન્ડેશનના તાલીમાર્થીઓમાટે રચાયેલછે. આ ભાગીદારીપ્રો. (ડૉ.) બિમલ એન. પટેલ, વાઈસ-ચાન્સેલર, RRU અને ડૉ. પ્રીતિ અદાણી, અદાણી ફાઉન્ડેશનના અધ્યક્ષના દીર્ઘદ્રષ્ટા નેતૃત્વનો પુરાવો છે. એમઓયુ (MOU) હસ્તાક્ષર સમારોહમાં બંને સંસ્થાઓના મુખ્ય પ્રતિનિધિઓએ હાજરીઆપીહતી. રાષ્ટ્રીય રક્ષા યુનિવર્સિટી તરફથી, ઉપસ્થિતોમાં પ્રો. (ડૉ.) કલ્પેશ એચ. વાન્દ્રા,પ્રોવાઈસ ચાન્સેલર; પ્રો. (ડૉ.) પ્રિયંકા શર્મા, ડીન - EDLD; મેજર જનરલ આર. કે. રૈના, ડિરેક્ટર, SISDSS, શ્રી નિમેશ દવે,ડિરેક્ટર, SPICSM અને ડૉ. ગરિમા કુમાવત, સેન્ટર હેડ (I/c), સુરક્ષા બળ પ્રશિક્ષણ, SISDSS નોસમાવેશથતોહતો. અદાણી ફાઉન્ડેશનનું પ્રતિનિધિત્વ શ્રી વસંત ગઢવી, એક્ઝિક્યુટિવ ડિરેક્ટર (વર્ચ્યુઅલ હાજરી), ડૉ. અભિષેક લખટકિયા, CEO; શ્રી નીતિન શિરાલકર, COO - સિમેન્ટ; શ્રી માનસ દાસ, વર્ટિકલ લીડ, SLD અને શ્રીમતી વૈદેહી ચોકસી, હેડ, બ્રાન્ડ્સદ્વારા કરવામાં આવ્યું હતું. સુરક્ષા બળ પ્રશિક્ષણ કાર્યક્રમ સંપૂર્ણપણે વિશ્વસનીય તાલીમ મોડેલ તરીકે ડિઝાઈન કરવામાં આવ્યો છે, જે સુનિશ્ચિત કરે છે કે સહભાગીઓ સમગ્ર અભ્યાસક્રમદરમિયાન કેમ્પસમાં રહે. આ કાર્યક્રમ તાલીમાર્થીઓ માટે એક સંરચિતદૈનિક દિનચર્યા પ્રદાન કરશે, જે વહેલી સવારે શરૂ થશે અને સાંજ સુધી ચાલુ રહેશે. આ દિનચર્યામાંશારીરિક તાલીમ, શૈક્ષણિક સત્રો અને વ્યક્તિત્વ વિકાસ પ્રવૃત્તિઓનો સમાવેશ થશે. કાર્યક્રમનું રહેણાંક સ્વરૂપ સહાધ્યાયી સાથેપારસ્પરિક સંવાદ, ટીમવર્ક અને સર્વાંગી વિકાસ માટે અનુકૂળ વાતાવરણને પ્રોત્સાહન આપશે,જે આખરેઉત્કૃષ્ટ પરિણામો અને તાલીમ ઉદ્દેશ્યોની સિદ્ધિ તરફ દોરી જશે. આ માળખાગત અભિગમ શિસ્ત, સુસંગતતા અને કેન્દ્રિત શિક્ષણનેપ્રોત્સાહન આપવા માટે રચાયેલ છે, જેનાથી વિક્ષેપો ઓછા થાય છે, જેનાથી એકંદર તાલીમઅનુભવમાંવધારોથશ છે. પ્રો. (ડૉ.) પ્રિયંકા શર્માએ તેમના ઉદ્ઘાટન સંબોધન દરમિયાન, કર્ણાટક, મધ્યપ્રદેશ, મહારાષ્ટ્ર અને ગુજરાત સહિત દેશના વિવિધ ભાગોમાંથી જોડાયેલા અદાણી ફાઉન્ડેશનના તમામ મહાનુભાવો અને તાલીમાર્થીઓનું સ્વાગત કર્યું અને RRU અને અદાણી ફાઉન્ડેશનના રાષ્ટ્ર નિર્માણના પ્રયાસો પર ભાર મૂક્યો, જેમાં તેઓ દેશના યુવાનો, ખાસ કરીને વંચિત સમુદાયના યુવાનોનેતેમના કૌશલ્ય સશક્તિકરણ અને આજીવિકાને ટેકો આપીને સશક્ત બનાવે છે. આરઆરયુના પ્રો-વીસીપ્રો. (ડૉ.) કલ્પેશ એચ. વાન્દ્રાએ ભાગીદારીના મહત્વ પરભાર મૂકતાજણાવ્યું હતું કે આ સહયોગ યુવા તાલીમાર્થીઓને કેમ્પસમાં તેમના સમય દરમિયાન તેમના સર્વાંગી વિકાસ માટે એક મૂલ્યવાન પ્લેટફોર્મ પ્રદાન કરશે. તેમણે તાલીમાર્થી લાભાર્થીઓને અદાણી ફાઉન્ડેશન દ્વારા પસંદ કરવામાં આવ્યા બદલ અભિનંદન આપ્યા,અને જણાવ્યું કે આ તકને ઝડપી લેવી ફક્ત તેમની આર્થિક સુખાકારી સુધારવા માટે જ નહીં પરંતુતેમના પરિવારોને ટેકો આપવા અને સમાજમાં યોગદાન આપવા માટે પણ ખૂબ જ અગત્યનું છે. તેમણે વધુમાં ખાતરી આપી કે ૭૫ દિવસનો તાલીમ કાર્યક્રમ પરિવર્તનશીલ યાત્રા તરફ દોરી જશે, જે તેમના વ્યક્તિત્વમાં વધારો કરશે અને તેમને રાષ્ટ્રીય રક્ષા યુનિવર્સિટી અને અદાણી ફાઉન્ડેશન બંનેનુંપ્રતિનિધિત્વ કરીને સકારાત્મક પરિવર્તનના સંદેશાવાહક બનવા માટે સશક્ત બનાવશે.

# ગુજરાત સ્ટેટ જુનિયર બાસ્કેટબોલ ચેમ્પિયનશીપ ૨૦૨૫-૨૬નું ભુજમાં સમાપન થયું

**પશ્ચિમ કચ્છ પોલીસ અને કચ્છ જિલ્લા બાસ્કેટબોલ એસોસિએશનના સહયોગથી ગુજરાત રાજ્ય બાસ્કેટબોલ એસોસિએશન દ્વારા કરાયું હતું આયોજન**



કમલમ્,
ગુજરાત સ્ટેટ જુનિયર બાસ્કેટબોલ ચેમ્પિયનશીપ ૨૦૨૫-૨૬માં સમગ્ર રાજ્યમાંથી કુલ ૨૬ ટીમોએ ઉત્સાહભેર ભાગ લીધો ભુજમાં પશ્ચિમ કચ્છ પોલીસ અને કચ્છ જિલ્લા બાસ્કેટબોલ એસોસિએશનના સહયોગથી ગુજરાત રાજ્ય બાસ્કેટબોલ એસોસિએશન દ્વારા ગુજરાત સ્ટેટ જુનિયર બાસ્કેટબોલ ચેમ્પિયનશીપ ૨૦૨૫-૨૬નો તા.૧૮ જુલાઈથી વિધિવત પ્રારંભ કરવામાં આવ્યો હતો. તા.૨૧ જુલાઈના ફાઈનલ મેચ સાથે ચેમ્પિયનશીપનું સમાપન થયું હતું. આ ટુર્નામેન્ટમાં સમગ્ર ગુજરાતમાંથી કુલ ૨૬ ટીમએ ભાગ લીધો હતો, જેમાં ૧૬ બોય્ઝ અને ૧૦ ગર્લ્સની ટીમ સ્પર્ધામાં સામેલ થઈ હતી. ભુજ શહેરના સેડાતા રોડ ઉપર આવેલા સૂર્યા વરસાણીના ગ્રાઉન્ડ ખાતે ગુજરાત સ્ટેટ જુનિયર બાસ્કેટબોલ ચેમ્પિયનશીપના પ્રારંભ સમયે કચ્છના સાંસદશ્રી વિનોદભાઈ ચાવડા, ધારાસભ્ય શ્રી કેશુભાઈ પટેલ, પશ્ચિમ કચ્છ પોલીસ વડાશ્રી વિકાસ સુંડા સહિતના અધિકારીઓ તેમજ કચ્છ યુનિવર્સિટીના વાઈસ ચાન્સેલર શ્રી ડૉ. મોહન પટેલ સહિત પાલિકાના કારોબારી ચેરમેન મહિદિપસિંહ જાડેજા તેમજ અગ્રણીઓ, કચ્છ જિલ્લા બાસ્કેટબોલ ઓસોસિએશનનાં હોદ્દેદારો ઉપસ્થિત રહ્યા હતા. નોંધનીય છે કે, ગુજરાત સ્ટેટ જુનિયરબાસ્કેટબોલ ચેમ્પિયનશીપ ૨૦૨૫-૨૬માં સમગ્ર રાજ્યમાંથી કુલ ૨૬ ટીમોએ ઉત્સાહભેર ભાગલીધો છે. સમગ્ર રાજ્યમાંથી ૨૬૦થી વધુ ખેલાડીઓ કચ્છનાંમહેમાન બન્યા હતા. તા.૨૧ જુલાઈનાં ફાઈનલ યોજાઈ હતી જેમાં ભાવનગરની બંને ટીમો(boys and girls) વિજેતા થયેલ. જે દર્શકો માટે પણ ઘણી રોચક બની હતી.

# ગાબાણી કોલેજમાં ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ્સ એસોસિએશન સુરત (CAAS) - ઈન્ટર્નશિપ ઓરિએન્ટેશન કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું.

**"ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ્સ એસોસિએશન સુરત (CAAS) - ઈન્ટર્નશિપ" એ માત્ર તાલીમનો કાર્યક્રમ નથી, પણ વિદ્યાર્થીઓને શ્રેષ્ઠ ભાવિ માટે સજ્જ બનાવવાની દિશામાં એક પ્રયાસ અને ચિંતન છે. - પ્રિ.ડો. અરવિંદ ગજેરા, શ્રી જે.ડી. ગાબાણી કોમર્સ કોલેજ**



**સીએએએસના પ્રેસિડેન્ટ હાર્દિક કાકડિયા દ્વારા વિદ્યાર્થીઓને ઈન્ટર્નશિપના નીચેના મુદ્દાઓ વિશે માહિતી આપવામાં આવી**

૧ ઓન ધ જોબ તાલીમ
૨. પ્રેક્ટિકલ એકાઉન્ટિંગ, ઈન્કમટેક્ષ , જીએસટી, ટીડીએસ, ઓડિટ વગેરે કાર્યનો અનુભવ
૩. શિસ્ત, અનુશાસન અને વ્યવસાયિક અનુભવ
૪. સતત રિપોર્ટિંગ અને માર્ગદર્શન
૫. ઈન્ટર્નશિપ સમજૂતી- કરાર
૬. ઈન્ટર્નશિપ સ્ટાઈપેન્ડ
૭. ઈન્ટર્નશિપ દરમ્યાન સતત નિરિક્ષણ અને માર્ગદર્શન
૮. ઈન્ટર્નશિપના વિવિધ લાભો, રોજગારી અને સ્વરોજગારીની તકો

કમલમ્,
શ્રી તાપી બ્રહ્મચર્યાશ્રમ સભાસંચાલિત શ્રી જે.ડી. ગાબાણી કોમર્સ કોલેજ એન્ડ શ્રી સ્વામી આત્માનંદ સરસ્વતી કોલેજ ઓફ મેનેજમેન્ટમાં તારીખ ૨૨મી જુલાઈ , ૨૦૨૫ નારોજ કોલેજના પ્રિ.ડૉ. અરવિંદ ગજેરાના માર્ગદર્શન અને પ્રેરણાથી ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ્સએસોસિએશન સુરત (CAAS) -ઈન્ટર્નશિપ ઓરિએન્ટેશન કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું. ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ્સએસોસિએશન સુરત (CAAS)ના પ્રેસિડેન્ટ હાર્દિક કાકડિયા, એક્ઝિક્યુટિવ કાઉન્સિલ સભ્ય જગદીશ વૈષ્ણવ અને એક્ઝિક્યુટિવ કાઉન્સિલ સભ્ય સંજય નાથાણી દ્વારા વિદ્યાર્થીઓને "ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ્સ એસોસિએશનસુરત (CAAS)- ઈન્ટર્નશિપ" વિશે માહિતી આપવામાં આવી. શૈક્ષણિક તેમજ વ્યવસાયિક જગતમાં વિદ્યાર્થીઓને વ્યવહારુ જ્ઞાન મળી રહે અને વિદ્યાર્થીઓ રોજગાર માટે યોગ્ય બને એ ઉદ્દેશથી ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ્સએસોસિએશન સુરત (CAAS) અનેશ્રીજે.ડી.ગાબાણી કોલેજ સાથે એમ.ઓ.યુ. કરવામાં આવેલ છે.. આ એમઓયુનો મુખ્ય ઉદ્દેશ વિદ્યાર્થીઓને વ્યવહારૂ તાલીમ અને ટેકનિકલ જ્ઞાન આપવામાં સહાયરૂપ થવાનો છે. સીએએએસની સિનિયર ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ્સની ટીમ દ્વારા વિદ્યાર્થીઓનેઈન્ટર્નશિપના લાભો, તાલીમની રીત , સ્ટાઈપેન્ડ વગેરે વિશે માહિતી આપવામાં આવી અને તેમને પ્રોત્સાહિત કરવામાં આવ્યા. કોલેજનાપ્રિન્સિપાલ અને ફેકલ્ટી સભ્યો દ્વારા પણ વિદ્યાર્થીઓને ઈન્ટર્નશિપ પ્રોગ્રામમાં જોડાવા માટે ઉત્સાહિત કરવામાં આવ્યા. ઈન્ટર્નશિપના પ્રથમ બેચમાં કોલેજના ૮ વિદ્યાર્થીઓએ સીએએએસ ઈન્ટર્નશિપ સફળતાપૂર્વક પૂર્ણ કરેલ છે, જેમને કોલેજ પરિવાર અભિનંદન પાઠવે છે. "ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ્સએસોસિએશન સુરત (CAAS) - ઈન્ટર્નશિપ" એમાત્ર તાલીમનો કાર્યક્રમ નથી, પણ વિદ્યાર્થીઓને શ્રેષ્ઠ ભાવિમાટે સજ્જ બનાવવાની દિશામાં એક પ્રયાસ અને ચિંતન છે. સમગ્ર કાર્યક્રમનું સંચાલન કોલેજનાઈન્ટર્નશિપ કો-ઓર્ડીનેટર પ્રો.ડૉ.ચંદ્રેશ મહેતા, બી.કોમ.ના કો-ઓર્ડીનેટર પ્રો.ડૉ. ગૌતમ કાનાણી , કોલેજની પ્લેસમેન્ટ કમિટી તેમજ વિદ્યાર્થી સ્વયંસેવકો દ્વારા કરવામાં આવ્યું હતું.

# રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ '૯સંકલ્પ વિકસિતભારતચારધામ સાઈકલ યાત્રા'ના સાઈકલ યાત્રી દીપક શર્માને શુભેચ્છા પાઠવી



કમલમ્,
૯ સંકલ્પ વિકસિત ભારત ચારધામ સાઈકલ યાત્રા'ના સાઈકલ યાત્રી શ્રી દીપક શર્માએ આજે રાજ્યપાલશ્રી શ્રી આચાર્ય દેવવ્રતજીની સાથે રાજભવન, ગુજરાત ખાતે સૌજન્ય મુલાકાત લીધી હતી. શ્રી શર્માએ તેમની રાષ્ટ્રવ્યાપી સાઈકલ યાત્રાનો ઉદ્દેશ્ય, માર્ગ અને કાર્યક્રમ અંગે રાજ્યપાલશ્રીને વિગતવાર માહિતી આપી હતી. રાજ્યપાલશ્રી શ્રી આચાર્ય દેવવ્રતજીએ પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીએ રજૂ કરેલા 'વિકસિતભારતના ૯ સંકલ્પો' ને જન જન સુધી પહોંચાડવામાટે કરવામાંઆવી રહેલી આ યાત્રાની સરાહના કરતાં શ્રી દીપક શર્માને શુભકામનાઓ પાઠવી હતી. રાજ્યપાલશ્રીએ જણાવ્યું કે આ યાત્રા દેશભક્તિ, એકતા, અનુશાસન અને સામાજિક સમરસતાની ભાવનાને બળ આપશે તેમજ યુવાવર્ગને રાષ્ટ્ર નિર્માણની દિશામાં પ્રેરણા આપશે. હરિયાણા રાજ્યના પાણીપત વિસ્તારના નિવાસી શ્રી દીપક વિષ્ણુદત્ત શર્મા આગામી છ મહિના દરમિયાન દેશભરના વિસ્તારોમાં તથા ચારધામ સહિતના પવિત્ર સ્થળો સુધી સાઈકલ યાત્રા કરશે અને પ્રધાનમંત્રીઓના નવ સંકલ્પોનો સંદેશ જન જન સુધી પહોંચાડશે.